JAIN REFERENCE LIBRARY ACHARYA SURENDRASURI JAIN TATVA GYANSHALA Page 1/2

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अनुत्पत्तिसमः**—प्रागुत्पत्तेः कारणाभावाद- नुत्पत्तिसमः । પદાર્થ ઉત્પન્ન થયા પહેલાં તેનું કારણ હોતું નથી. એમ ઉત્તર આપવો તે અનુત્પત્તિસમ ઉત્તર કહેવાય છે. ( આ પણ અસત્ ઉત્તર હોવાથી જાતિ છે. ગૌતમમતે )

**अनुद्भूतत्वम्**—अतीन्द्रियविशेषगुणत्वम् । જેમાં રૂપ સ્પર્શાદિક વિશેષ ગુણો ઇન્દ્રિયો વડે પ્રત્યક્ષ કરવા યોગ્ય હોતા નથી, તે અનુદ્ભૂત કહેવાય.

**अनुपकारसमः**–कार्यकारणभावस्य उपकार नियतत्वेऽनवस्था । કારણવગર કાર્ય થાયજ નહિ, અર્થાત્ કારણ એ કાર્યનું નિયત ઉપકારક છે, એવો નિયમ જેને વિષે થઈ શકે નહિ તે.

**अनुपलब्धिप्रमाणम्**—योग्यत्वे सत्यनु- लम्भोऽभावप्रमाकारणम् । જે સ્થળે જે વસ્તુ પ્રાપ્ત થવાની યોગ્યતા છે, તે વસ્તુ તે સ્થળે નથી એવી અભાવપ્રમાનું જે કરણ તે અનુપ- લબ્ધિ પ્રમાણ. ( અને એ અભાવરૂપ પ્રમાને અનુપલબ્ધિ કહે છે)

२. ज्ञानकरणाजन्याभावानुभवासाधारणकारणम् । જ્ઞાનના કરણરૂપ અજન્ય અભાવના અનુભવનું અસાધારણ કારણ તે અનુપલબ્ધિ પ્રમાણ કહેવાય. એમ છતાં લક્ષણને નિર્દોષ કરવાને ગ્રન્થકારે આ લક્ષણમાં કેટલાંક વિશે- ષણો મૂક્યાં છે. જે 'અદષ્ટ' જે સઘળા બનાવોનું સાધારણ કારણ છે, તેની વૃત્તિ કરવાને 'અસાધારણ કારણ' એવું પદ લક્ષ- ણમાં મૂક્યું છે, ઇત્યાદિ (વેદાન્ત પરિ.)

**अनुपलम्भः**–અનુપલબ્ધિનો અભાવ ( ઉપલબ્ધિ શબ્દ જુઓ. )

**अनुपसंहारी**–अन्वयव्यतिरेकदृष्टान्तरहितो हेतुः अनुपसंहारी अनैकान्तिकहेत्वाभासः ) જે હેતુ અન્વય દૃષ્ટાન્તથી પણ રહિત હોય તથા વ્યતિરેક દૃષ્ટાન્તથી પણ રહિત હોય તે હેતુ 'અનુપસંહારી' કહેવાય છે. એ એક પ્રકારનો અનૈકાન્તિક હેત્વાભાસ છે. જેમ 'सर्वमनित्यं प्रमेयत्वात् ।' સર્વ પદાર્થ માત્ર અનિત્ય હોવા યોગ્ય છે, પ્રમેયધર્મવાળા હોવાથી' આ અનુમાનમાં સર્વ પદાર્થ માત્ર પક્ષ રૂપ હોવાથી તે પક્ષથી ભિન્ન કોઈ અન્વય દૃષ્ટાન્ત કે વ્યતિરેક દૃષ્ટાન્ત છે નહિ, માટે પ્રમેય હેતુ અનુપસંહારી કહેવાય છે.

**अनुबन्ध**–ગ્રંથમાં વિષય, પ્રયોજન, અધિકારી, અને સંબંધ, એ ચાર બાબતો કહેલી હોય છે. એ ચાર બાબતો ડાહ્યા માણસોની ગ્રન્થમાં પ્રવૃત્તિ કરાવવાના હેતુ છે, માટે એ ચાર અનુબંધ કહેવા છે. એ અર્થનો શ્લોક છે કેઃ—

"सर्वेषामेव शास्त्राणामनुबन्धचतुष्टयम् ।"
पृथक् पृथक् भवत्येतज्ज्ञात शास्त्रे प्रवर्तकम् ॥

અર્થ–બધાંજ શાસ્ત્રોના ચાર અનુબંધ હોય છે અને તે દરેક શાસ્ત્રના ભિન્નભિન્ન હોય છે. એ અનુબંધો જાણીનેજ જિજ્ઞાસુઓ તે તે શાસ્ત્રોમાં પ્રવૃત્ત થાય છે.

२. मङ्गलाचरणाव्यवहितोत्तरमेव ग्रन्थादावनुबध्य- मानः । ગ્રંથનું મંગલાચરણ કર્યા પછી તરતજ ગ્રંથના આરંભમાં જે કહેવામાં આવે છે તે અનુબંધ.

३. स्वविषयकज्ञानद्वारा शास्त्रे प्रवर्तकः । પોતાના વિષયનું જ્ઞાન આપીને તે દ્વારા શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરાવનાર જે વિષય તે અનુબંધ.

**अनुभवः**—स्मृतिभिन्नं ज्ञानमनुभवः । સ્મૃતિથી ભિન્ન એવા જ્ઞાનને અનુભવ કહે છે. જેમ–પ્રત્યક્ષાદિ પ્રમાણવડે ઉત્પન્ન થયેલું 'આ ઘડો' ઇત્યાદિ જે જ્ઞાન છે, તે જ્ઞાન સ્મૃતિથી ભિન્ન છે અને જ્ઞાનરૂપ પણ છે, માટે 'આ ઘડો' ઇત્યાદિક જ્ઞાન અનુભવ કહેવાય છે એને अनुभूति પણ કહે છે.

એ અનુભવ પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દ, એમ ચાર પ્રકારનો હોય છે. એ અનુભવ જે વસ્તુવિષયક હોય તે, વસ્તુવિષયક અનુભવજન્મ સંસ્કાર પણ હોય છે. તેમ તે

For Private And Personal Use Only

Mo. 9512234311 www.jainreferencelibrary.org jaintatvagyanshala@gmail.com

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્કારજન્ય સ્મૃતિજ્ઞાન પણ તેજ વસ્તુવિષયક હોય છે. એ પ્રમાણે અનુભવ, સંસ્કાર અને સ્મૃતિ એ ત્રણનો સમાનવસ્તુવિષયક કાર્ય-કારણભાવ હોય છે. (અહીં 'સંસ્કાર' શબ્દ વડે ભાવનાખ્ય સંસ્કાર જાણવો.) અનુભવના બે પ્રકાર છેઃ-(૧) યથાર્થાનુભવ અને (૨) અયથાર્થનુભવ. (લક્ષણો તેને શબ્દોમાં જોવો.)

**अनुभूतिः**—( અનુભવ શબ્દ જુઓ. )

**अनुभूयमानारोपः**—प्रत्यक्षानुभव विषयारोपः । જે વિષય પ્રત્યક્ષ અનુભવનો હોય તે વિષયનો આરોપ.

**अनुमतम्**—साधुकृतमनेनेत्याद्यनुमोदनरुप-मानसपरिणामप्रदर्शनम् । 'આણે સારૂં કર્યું' ઇત્યાદિ અનુમોદનરૂપમનની વૃત્તિ દેખાડવી તે.

**अनुमानप्रमाणम्**—अनुमितिप्रमाकरणमनु-मानम् । અનુમિતિ પ્રમાનું જે કરણ હોય તે અનુમાન કહેવાય. જેમ-'આ પર્વત અગ્નિવાળો છે' આ પ્રકારના અનુમિતિ જ્ઞાનનું 'આ ધૂમાડો અગ્નિની વ્યાપ્તિવાળો છે' એ પ્રકારનું વ્યાપ્તિજ્ઞાન કરણ છે માટે એ વ્યાપ્તિજ્ઞાન અનુમાન પ્રમાણ કહેવાય છે.

૨. ज्ञातसम्बन्धस्यैकदेशदर्शनादेकदेशान्तरेऽ-सन्निकृष्टार्थेबुद्धिः । એક દેશ (સ્થળ) માં જે એનો સંબંધ જાણ્યો હોય તેમાંથી એક દેશને જાણવાવડે દૂરના એક દેશમાં રહેલા બીજા પદાર્થનું જ્ઞાન તે અનુમાનપ્રમાણ. (શબરસ્વામી)

**अनुमितिः**—परामर्शजन्यं ज्ञानमनुमितिः । પરામર્શ વડે જન્ય જે જ્ઞાન તે અનુમિતિ કહેવાય છે. જેમ—'ધૂમાડો અગ્નિની વ્યાપ્તિ-વાળો છે,' એ વ્યાપ્તિજ્ઞાન છે. એનેજ અનુમાન પ્રમાણ કહે છે. એનેજ અનુમતિ જ્ઞાનનું કરણ કહે છે. એ વ્યાપ્તિજ્ઞાનરૂપ કરણના વ્યાપારને લિંગપરાશર્મ કહે છે. જેમ-'અગ્નિની વ્યાપ્તિવાળો જે ધૂમ છે, તે ધૂમવાળો આ પર્વત છે.' એવા જ્ઞાનનું નામ લિંગપરામર્શ છે. એ પરામર્શ તે વ્યાપ્તિ વડે જન્ય હોય છે, અને વ્યાપ્તિજન્ય જ્ઞાન અનુમિતિનું જનક હોય છે, માટે તે પરામર્શમાં વ્યાપ્તિજ્ઞાનરૂપ કરણની વ્યાપારરૂપતા સંભવે છે. અર્થાત્ 'પરામર્શ વડે જન્ય જ્ઞાનને અનુમિતિ કહે છે' એ લક્ષણ સંભવે છે. ( परामर्श શબ્દ જુઓ ).

૨. लिङ्गजन्यज्ञानमनुमितिः । લિંગના એટલે હેતુના જ્ઞાનથી જન્ય જે જ્ઞાન તે અનુમિતિ.

૩. व्याप्तिज्ञानकरणं ज्ञानम् । વ્યાપ્તિજ્ઞાન-રૂપ કરણનું જે જ્ઞાન તે અનુમિતિ.

૪. व्याप्तज्ञानाद्व्यापकज्ञानम् । વ્યાપ્યના જ્ઞા-નથી વ્યાપકનું જે જ્ઞાન તે અનુમિતિ. જેમ-ધૂમ વ્યાપ્ય છે, તે વડે વ્યાપક જે અગ્નિ, તેનું જ્ઞાન તે અનુમિતિ જ્ઞાન કહેવાય.

૫. व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानजन्यज्ञानम् । વ્યાપ્તિથી વિશિષ્ટ એવી પક્ષધર્મતાના જ્ઞાનથી જન્ય જે જ્ઞાન તે અનુમિતિ, જેમ-ધૂમાડામાં અગ્નિવ્યાપક છે એ વ્યાપ્તિજ્ઞાન છે. પર્વત એ પક્ષ છે. પર્વત ધૂમાડાવાળો છે અને ધૂમાડો અગ્નિનું વ્યાપ્ય છે. એ જ્ઞાન છે પક્ષ ધર્મતા જ્ઞાન છે. એ વ્યાપ્તિ વિશિષ્ટ પક્ષ-ધર્મતાના જ્ઞાનથી 'પર્વત અગ્નિવાળો છે' એવું જે જ્ઞાન થાય છે તે અનુમિતિ.

૬. साधनधर्मदर्शनात् साध्यविशिष्टे बुद्धिः । સાધનનો ધર્મ જોવાથી સાધ્યવિશિષ્ટમાં જે બુદ્ધિ તે અનુમિતિ. જેમ-ધૂમ એ સાધન ( હેતુ ) છે; અગ્નિવ્યાપ્યત્વ એ ધૂમનો (સાધ-નનો ) ધર્મ છે. એ ધર્મ પર્વતમાંથી જોવાથી અગ્નિમત્ત્વરૂપ સાધ્યવિશિષ્ટિ એ પર્વત છે, એવી બુદ્ધિ થાય છે તે અનુમિતિ છે.

૭. लिङ्गलिङ्गिपूर्वकं स्वज्ञानद्वारा हेतुपक्षजन्य-साध्यज्ञानम् । લિંગ ( હેતુ ) લિંગી ( હેતુમાન્ ) એ એના વિષયમાં પોતાને જે જ્ઞાન થયું હોય તે ઉપરથી હેતુ અને પક્ષ વડે ઉપજેલું જે સાધ્યનું જ્ઞાન તે અનુમિતિ ( સાંખ્ય મતે ). જેમ-ધૂમ એ લિંગ છે અને અગ્નિ એ લિંગી છે. એટલે જ્યાં ધૂમ હોય છે ત્યાં અગ્નિ હોય છે, એવું જ્ઞાન રસોડા વગેરેમાંથી પોતાને

For Private And Personal Use Only